# અન્ય ઉપયોગી માહિતિ

| અ.નં | મુદ્દા | વિગત |
| --- | --- | --- |
| ૧૮.૧ | લોકો ધ્વારા પુછાતા પ્રશ્નો અને તેના જવાબો . | આવશ્યક ચીજવસ્તુ અને તેના પુરવઠા ,ગુણવતા તથા જથ્થા જાળવણી અને વ્યાજબી ભાવની દુકાનેથી અંકુશિત ચીજવસ્તુના વિતરણ બાબતમાં ગેરરીતિ, ભેળસેળ, ઓછુ વજન, જથ્થાની અનઉપલબ્ધિ, કાળાબજાર જેવા મુદ્દાઓ પર મહતઅંશે પ્રશ્નો પુછાતા હોય છે. રેશનકાર્ડ સરળતાથી મળતા નથી – સભ્યના નામ ઉમેરવા–કમી કરાવવા–કાર્ડ અન્યત્ર ટ્રાન્સફર કરાવવામાં તકલીફ પડે છે. તેમજ વ્યાજબી ભાવની દુકાન નિયમીત રીતે ખુલતી નથી તે રીતની સમસ્યાઓ પણ લોકોને નડતી હોય છે. આ માટે રાજય કક્ષાથી માડી તાલુકા કચેરી સુધી તપાસણી અને નિયમન તંત્ર ગોઠવાયેલુ છે. આ તંત્રથી લોક સમસ્યા નિવારણ કરવામાં આવે છે. |
| ૧૮.૨ | <u>માહિતિ મેળવવા અંગે.</u> | |
| | અરજીપત્રક (સંદર્ભ માટે ભરેલા અરજી પત્રકની નકલ) | ગુજરાત માહિતિ અધિકાર નિયમો ૨૦૦૫ ને સંલગ્ન નમુના ક માં , પુરવઠા વિષયક માહિતિ મેળવવા હવેથી અરજદારે અરજી કરવાની રહેશે. |
| | ફી : | ૨૦૦૫ ના નિયમોના નિયમ ૮ મુજબ ટેન્ડર સિવાયની માહિતિ માટે અરજી દીઠ રૂા.૫૦/– ની ફી લેવાપાત્ર બનશે. તે સિવાય વેચાણ માટેના પ્રકાશન સ્વરૂપે માહિતિ ઉપલબ્ધ હશે તો તે પ્રકાશનની નિયત કરેલ કિંમત લેવામાં આવશે. અને વેચાણ માટેના પ્રકાશન સિવાયની માહિતિની ફી પાના દીઠ રૂા.૫/– લેખે રહેશે. |
| | માહિતિ મેળવવા માટેની અરજી કઈ રીતે કરવી ? કેટલીક ટીપ્પણી. | લાગુ પડતી ફી સાથે કલેકટર કચેરીમાં માહિતિ અધિકારી એટલે કે, જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, મહેસાણાને નમુના–ક માં અરજી રજુ કરવાની રહેશે. અરજદારની અરજી સ્વીકારવાપાત્ર હશે તો તે માટે તે સમયે પાવતી આપવામાં આવશે. અરજદારે માગેલી માહિતિ જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, મહેસાણાના ક્ષેત્ર અધિકાર બહાર હશે તો તે બદલ નમુના –ખ માં પાવતી આપવામાં |

| | | |
|---|---|---|
| | માહિતિ આપવાનો ઈન્કાર કરવામા આવે તેવા વખતે નાગરિકના અધિકાર અને અપીલ કરવાની કાર્યવાહી. | આવશે. સ્વીકારવામાં આવેલ અરજી ચકાસતા જો માહિતિ આપી શકાય તેમ ન નીકળે તો નમુના –ગ માં અસ્વીકૃતીનો હુકમ અરજદારને પાઠવવામાં આવશે. અરજદારની સ્વીકારવામાં આવેલ અરજી માટેના નમુના –ક ના અનુસંધાને અરજદારને નમુના–ઘ માં માહિતિ ઉપલબ્ધ કરાવવામાં આવશે.<br><br>નમુના–ગ ના હુકમ સામે અરજદાર ૨૦૦૫ ના અધિનિયમ નીચે અપીલનો હકક ધરાવતો હોવાથી તે નમુના–ચમાં કલેકટરશ્રી, મહેસાણાને રૂા.૫૦/– ની ફી સાથે વિધિવત અપીલ કરી શકશે. જે બદલ તેમને પાવતી પાઠવવામાં આવશે. |
| ૧૮.૩ | જાહેર તંત્ર ઘ્વારા લોકોને અપાતી તાલીમની બાબતમાં | લોકોને તાલીમ આપવામાં આવતી નથી. |
| ૧૮.૪ | નિયમસંગ્રહ–૧૩ માં સમાવિષ્ટ ન કરાયેલ હોય તેવા, જાહેર તંત્રએ આપવાના પ્રમાણપત્રો,ના–વાંધા પ્રમાણપત્રો | પુરવઠા વિભાગ ઘ્વારા નિયમ સંગ્રહ–૧૩માં સમાવિષ્ટ કાયેલ ન હોય તેવા પ્રમાણપત્ર અને ના–વાંધા પ્રમાણપત્ર આપવામાં આવતા નથી. |
| ૧૮.૫ | નોધણી પ્રક્રિયા અંગે | – |
| ૧૮.૬ | જાહેર તંત્રે કર ઉઘરાવવા અંગે. (મ્યુનિસિપલ કોર્પોરેશન, વ્યવસાય વેરો ,મનોરંજન વેરો વગેરે) | – |
| ૧૮.૭ | વીજળી/પાણીના હંગામી અને કાયમી જોડાણો આપવા અને કાપવા અંગે. | – |
| ૧૮.૮ | જાહેર તંત્ર ઘ્વારા પુરી પાડવામા આવનાર અન્ય સેવાઓની વિગત. | જિલ્લાના સ્થાનીક નિવાસીઓને તેમની કક્ષા મુજબ એ.પી.એલ–૧, એ.પી.એલ–૨, બી.પી.એલ /અંત્યોદય રેશનકાર્ડ આપવાના રહે છે. રાજયમાં અન્ય વિસ્તરોમાં રોજગારી અર્થે હંગામી સ્થળાંતર કરતા બી.પી.એલ /અંત્યોદય કુટુંબોને તેથી હાલાકી પડતી હતી. હંગામી સ્થળાંતર દરમ્યાન રેશનકાર્ડ ન હોવાના જ કારણસર આવશ્યક ચીજવસ્તુના જથ્થાથી આ મુજબના કુટુંબોને વંચિત રહેવુ ન પડે તે માટે અ.ના.પુ અને |

| | | |
|---|---|---|
| | | ગ્રા.બા. વિભાગે તા.૬/૮/૨૦૦૪ ના ઠરાવ તથા ત્યારબાદ તા.૧૮/૧/૨૦૦૫ ની અગ્ર સચિવશ્રીની વીડીયો કોન્ફરન્સમાં બી.પી.એલ /અંત્યોદય કુટુંબોને રોમીંગ રેશનકાર્ડ આપવાનુ નકકી કરેલ છે. સ્થળાંતર કરી જે નવા સ્થળે બી.પી.એલ/અંત્યોદય કુટુંબ રોજગારી માટે હંગામી ધોરણે પહોચ્યું હોય તે તાલુકાના મામલતદારશ્રીને અરજી કરવાથી રોમીંગ કાર્ડ આપવામાં આવે છે. |

| |
|---|
| મામલતદાર કચેરી, મહેસાણા. |
| મામલતદાર કચેરી, કડી. |
| મામલતદાર કચેરી, વિજાપુર. |
| મામલતદાર કચેરી, વિસનગર |
| મામલતદાર કચેરી, ઉંઝા |
| મામલતદાર કચેરી, ખેરાલુ |
| મામલતદાર કચેરી, સતલાસણા. |
| મામલતદાર કચેરી, વડનગર. |
| મામલતદાર કચેરી, બેચરાજી. |